

₹ ૧૫/-

रसौवैशः
તે, (પ્રભુ) સાચે જ આનંદપૂર્ણ છે.

પ્રભુ અર્પણ

જુલાઈ - ૨૦૧૭

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

✲

પ્રભુનું હાસ્ય કોઈક વાર સભ્ય લોકોને બહુ અસંસ્કારી અને અનુચિત લાગે તેવું હોય છે. પ્રભુને પોતે મોલિયેર બનવાથી સંતોષ હોતો નથી. એમણે અરિસ્ટોફેનિસ તથા રાબેલે* થવાની જરૂર પણ રહે છે. (૭૯)

શ્રી અરવિન્દ

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : પૃ. ૧૭૬)

---

* રાબેલે (૧૪૯૪-૧૫૫૩) એ મર્મ અને હાસ્યનો મહાન ફ્રેન્ચ લેખક હતો. જીવનમાં આનંદના તત્ત્વનો તે મોટો હિમાયતી હતો.

'પ્રભુ તો અનંત શક્યતાઓ છે. એટલે સત્ય કદી એક જ સ્થિતિમાં રહેતું નથી. એટલે પછી ભૂલનાં જે બાળકો છે તે પણ સાચાં ઠરે છે.' (૭૭)

શ્રી માતાજી : હા, શ્રી અરવિન્દને એમ કહેવું છે કે કોઈ વસ્તુ એક વખતે સાચી હોય તો બીજી ક્ષણે તે સાચી રહેતી નથી. અને એને લીધે જ ભૂલનાં સંતાનો સાચાં ઠરે છે.

બાળક : મધુર માતાજી, શ્રી અરવિન્દને કદાચ એમ કહેવું હશે કે ભૂલ જેવું કાંઈ છે જ નહિ.

શ્રી માતાજી : હા, એ એ જ વસ્તુ છે, એક જ વસ્તુને કહેવાની એ બીજી રીત છે. અર્થાત્ જેને આપણે ભૂલ કહીએ છીએ તે અમુક ક્ષણે સત્ય હતી.

ભૂલ એ કાળની સાથે જોડાયેલો વિચાર છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૧૬૫)

પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જુલાઈ – ૨૦૧૭ વર્ષ : ૦૩ અંક : ૦૭

અનુક્રમ

રસૌવૈશઃ તે, (પ્રભુ) સાચે જ આનંદપૂર્ણ છે.

હળવાશ અને હાસ્ય	૦૬
વિનોદવૃત્તિ અને પ્રજ્ઞા	૦૯
રમૂજી અને કટાક્ષપૂર્ણ વર્ણન	૧૮
માધુર્ય અને સ્મિત	૨૧

*

વૃત્ત વિશેષ	૨૫

તંત્રી નોંધ : વિનોદવૃત્તિ એ છે જીવન પ્રત્યે હસી જાણવાની ક્ષમતા. જીવનની યાત્રામાં એના મુશ્કેલ ઉત્ક્રાંતિગત તબક્કાઓમાંથી માનવજાતિ સહીસલામત પસાર થઈ જઈ શકે એ માટે કૃપાની જે ભેટ માનવજાતિને આપવામાં આવી છે તે છે આ વિનોદવૃત્તિ. અલબત્ત એ છે દિવ્ય ગુણ, જ્યારે પરિસ્થિતિ મુશ્કેલ હોય ત્યારે એ આપણને ખુશમિજાજ રાખે છે અને જગતમાં સુખનો પ્રસાર કરે છે. શ્રી અરવિન્દની અંદર આ ગુણ ઉન્નત તેમ જ દિવ્ય પ્રમાણમાં અભિવ્યક્તિ પામેલો આપણે જોઈ શકીએ છીએ. એમનાં બધાં લખાણોમાં (સાવિત્રી મહાકાવ્ય સહિત) આ ગુણ (વિનોદવૃત્તિ) સોનેરી સેર રૂપે સમાયેલો છે. એમના પત્રોમાં ખાસ કરીને એમના નિકટના પરિચયમાં રહેનાર શિષ્યો સાથેના પત્રવ્યવહારમાં આ વિનોદવૃત્તિ નજરે પડે એ રીતે પ્રકટ થયેલી જોવા મળે છે; જે એ સાધકો માટે તેમ જ આપણે માટે હળવાશ અને હાસ્ય લઈ આવે છે. આ પ્રકારનાં મોટા ભાગનાં લખાણો શ્રી અરવિન્દ સાથે નીરોદબરનનો પત્રવ્યવહાર, તથા જુગલ કિશોર મુખરજી રચિત 'The Smiling Master' માં પ્રસિદ્ધ થયેલાં છે. આ વિશાળ સંકલન તેમ જ અન્ય લખાણોમાંનાં પસંદગીનાં લખાણો અત્રે અમે પ્રસિદ્ધ કરી રહ્યાં છીએ. આ લખાણો શ્રી અરવિન્દની દિવ્ય વ્યક્તિતાની સકળતા માટે જરૂરી એવી આ બાજુ, જેને સામાન્ય વાચકો પામી શકતા નથી તેને પ્રકટ કરે છે.

*



શ્રી અરવિન્દે અનેક વખત જણાવેલું છે કે પરમાત્મામાં વિનોદવૃત્તિ રહેલી છે. એ તો આપણે એમને (પરમાત્માને) લાગણીહીન તેમ જ હંમેશાં ગંભીર રહેનાર વ્યક્તિ બનાવી મૂકીએ છીએ – પરંતુ પ્રભુને તો કોઈ નાસ્તિક વ્યક્તિને પણ પાસે જઈને ભેટી પડવામાં પણ ખૂબ જ મઝા પડી શકે છે. કોઈક એવી વ્યક્તિ, જેણે આગલે દિવસે જાહેર કર્યું હોય કે : ''પ્રભુનું અસ્તિત્વ જ નથી. હું પ્રભુમાં માનતો નથી. એ બધું મૂર્ખામી છે, અજ્ઞાન છે....'' એ જ વ્યક્તિને પ્રભુ પછી પોતાના બાહુઓમાં લે છે, એને હૃદય સરસો ચાંપે છે – અને એના મુખ પ્રતિ જોઈ ખડખડાટ હાસ્ય કરે છે.

(CWM 10 : 33) The Mother

હળવાશ અને હાસ્ય

વિનોદવૃત્તિની ભાવના

વિનોદવૃત્તિ ? ખોરાકમાં જેવું મીઠાનું સ્થાન છે એવું જ વિનોદવૃત્તિનું સ્થાન આ અસ્તિત્વમાં છે. આ વિનોદવૃત્તિ જો ન હોત તો જગતમાં ભારે ગડમથલ થઈ જાત – જો કે જગતમાં અત્યારે ઘણી ગડમથલ વ્યાપેલી જ છે – અને જગત આખું ક્રોધની જ્વાળાઓમાં વર્ષો પહેલાં જ ધકેલાઈ ગયું હોત.

***

મને ખબર નથી કે ખૂબ વિકાસ (ઉત્ક્રાંતિગત) પામેલી વ્યક્તિતાઓમાં વિનોદવૃત્તિની ભાવના હોતી નથી અથવા તો વ્યક્તિમાં જ્યારે આ વિનોદવૃત્તિની ભાવનાનો અભાવ હોય ત્યારે એ વ્યક્તિને પૂર્ણ વ્યક્તિ કેવી રીતે કહી શકાય ? 'શિથિલતા' છીછરી, ઠેકડી ઉડાવવાની વૃત્તિને લાગુ પડે છે, જેમાં કોઈ સત્ત્વ હોતું નથી. પ્રજ્ઞા એ અક્કડપણે આદરભાવ સૂચક જ હોય, હાસ્યરહિત જ હોય એવો કોઈ નિયમ છે નહિ.

***

માણસો જીવનને જો જરા ઓછું ગંભીર રીતે લે તો તેઓ જીવનને બહુ જલદીથી વધારે સંપૂર્ણ બનાવી શકે છે. પ્રભુ પોતાનાં કાર્યોને ગંભીરપણે લેતા નથી એટલે તો આપણને આ અદ્ભુત વિશ્વ જોવાનું મળે છે. (CWSA 12 : 432)

શ્રી અરવિન્દ

***

પ્રભુની સાથે હાસ્ય કરો

આ આનંદ, આ અદ્ભુત હાસ્ય અંધકારમાત્રને ઓગાળી નાખે છે, વેદનામાત્રને, દુઃખમાત્રને ઓગાળી નાખે છે ! બસ, તમે તમારી અંદર પૂરતા પ્રમાણમાં ઊંડે ચાલ્યા જાઓ અને ત્યાં તમને આ આંતર સૂર્યનું દર્શન થશે. અંતે એ સૂર્યને પોતાનો પ્રકાશ તમારા પર ફેલાવા દો અને પછી જગતની એકેએક વસ્તુ સૂર્યના એક સંવાદપૂર્ણ, તેજોમય, અટ્ટહાસ્યનો ધોધ બની જશે અને પછી ક્યાંય ઓછાયો કે દુઃખ એ રહેવા દેશે નહિ.

***

અને આ સૂર્ય, દિવ્ય અટ્ટહાસ્યનો આ સૂર્ય જગતમાંની પ્રત્યેક વસ્તુના છેક કેન્દ્રભાગમાં રહેલો છે, પ્રત્યેક વસ્તુનું એ સત્ય છે. આપણે માત્ર એને જોતાં, અનુભવતાં, જીવનમાં સાક્ષાત્ કરતાં શીખી લેવાનું છે.

અને આ માટે, જે લોકો જીવનને બહુ ગંભીરપણે લેતા હોય એવા લોકોથી દૂર રહેવાનું છે. એવા લોકો તો શુષ્કતાનાં પૂતળાં હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૧૭૮-૭૯)

વ્યક્તિએ હંમેશાં હાસ્ય કરવું જોઈએ, હંમેશાં પ્રભુ હસતા હોય છે. એ હાસ્ય કરે છે અને એમનું હાસ્ય એટલું સુંદર હોય છે, એટલું તો સરસ હોય છે, એટલું તો પ્રેમસભર. એ હાસ્ય એક અસાધારણ મધુરતા વડે તમને આવરી લે છે.

માણસોએ આ હાસ્યને પણ વિકૃત કરી મૂક્યું છે — એ લોકોએ સર્વ વસ્તુને વિકૃત કરી દીધી છે. (શ્રી માતાજી હાસ્ય કરે છે.) (CWM 11 : 56)

***

પ્રભુ તે એક કઠોર અને ગૌરવયુક્ત રાજા છે અને ગંભીર ન્યાયાધીશ છે જે રમૂજ શું છે તે જાણતો હોતો નથી, એવી સમજથી સેમાઈટ લોકોએ માનવજાતિને લાદી દીધેલી છે. પરંતુ આપણે, જે લોકોએ કૃષ્ણને જોયા છે, તે પ્રભુને લીલાના શોખીન એવા બાળક તરીકે ઓળખીએ છીએ, જે બાળક તોફાની છે, અને આનંદદાયી હાસ્યથી ભરેલો છે.

(CWM 10 : 344)

***

પ્રભુની મહત્તા અને ખિન્નતા

પ્રભુ, અતિમાનસ વગેરેની મહત્તા અને ખિન્નતાના તમારા ખ્યાલની એ જૂની ભૂલ છે, જેનો ઉપયોગ ખોટા વિચારો અને નિરાશાને પાછી લઈ આવવા માટે કરવામાં આવ્યો હતો. ખિન્નતા અને કઠોરતા વિશેની આ બધી વાતો એકદમ વાહિયાત છે — આ શબ્દપ્રયોગ માટે તમે મને માફ કરજો. પરંતુ બીજો કોઈ શબ્દ છે જ નહિ, જે પર્યાપ્ત હોય. એના વિશેનું એકમાત્ર સત્ય છે, તે એ કે હું જાહેરમાં પ્રદર્શન કરતો નથી તેમ જ નિઃસંકોચપણે બોલતો નથી — પરંતુ હું કદાપિ ખિન્ન તો હતો જ નહિ. સૂરતના રાષ્ટ્રવાદી સંમેલનનું સંચાલન કરતાં નેવીનસને મને નિહાળ્યો તે સંમેલન હસીમજાક ન હતું અને અન્ય લોકો પણ મારા જેટલા જ ગંભીર હતા. નેવીનસને મારા વિશે જે જણાવ્યું છે કે સર્વ લોકોમાં હું જ રાજકીય રીતે સૌથી વધુ ભયાનક વ્યક્તિ છું ''એવો માણસ જે કદી સ્મિત કરતો નથી'' એ વાત જે લોકો મને જાણે છે, તેમને માટે રમૂજનું સાધન બની હતી. તમારી અંદર ક્યાંક મારા વિશેની આ નેવીનસન અસર રહેલી છે એવું લાગી રહ્યું છે. .... હું ક્યારેય મારા જીવનમાં ખિન્ન કે ઉદાસીન બની રહ્યો નથી — એ છે સ્ટાલિન-મુસોલિની શૈલી. એ મારી શૈલી નથી.

(Sri Aurobindo to Dilip, P. 223)

*

શિષ્ય :- આધ્યાત્મિક પૂર્ણતામાં વિનોદવૃત્તિને સ્થાન છે ખરું ?

શ્રી અરવિન્દ : જો સિદ્ધ પુરુષો કદાપિ હાસ્ય ન કરે તો એ અપૂર્ણતા છે.

પ્રતિબંધક અને ઉત્કટ ધ્યાનાર્થે આપ પાંચ કે છ વર્ષ માટે એકાન્તમાં ગયા ન હતા ?

મેં એવું કર્યું હતું એની મને જાણ નથી. પરંતુ મારા જીવનચરિત્ર લેખકો એ વિશે મારા કરતાં કદાચ વધુ જાણતા હોય એવું લાગે છે.

શ્રી અરવિન્દ

વિનોદવૃત્તિ અને પ્રજ્ઞા

બુદ્ધિશાળી અને રસ લેનાર

પ્રશ્ન :- ખૂબ જ વિચિત્ર - સાહેબ, ભાવિમાં આવનાર તમારી અતિમાનવજાતિમાં એક પણ બુદ્ધિશાળી વ્યક્તિ નથી ! તમે તમારી આશાના મિનારા શેના પર ચણી રહ્યા છો ? મહેરબાની કરીને સમજાવશો ?

ઉત્તર :- માફ કરજો, તમે લખ્યું હતું : બુદ્ધિશાળી અને રસ લેનાર. ... આ બેમાંથી એકને અલગ રીતે તમે કોઈ વ્યક્તિમાં શોધી કાઢી શકો. પરંતુ એ બંને એકસાથે એક વ્યક્તિમાં મેળવવાની તમે આશા કઈ રીતે રાખી શકો ? તમે જે પ્રકારનું પ્રાણી મેળવવા માગો છો તેની શોધ અમે કરી શકીએ એમ નથી. તમે જાતે જ આ પ્રકારનું પ્રાણી બનવાની હરીફાઈમાં ઊતરી શકો છો. (Sri Aurobindo's Humour, P. 13)

*

ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ મુશ્કેલ શા માટે છે ?

પ્રશ્ન : આપણું ઘડતર આટલાં બધાં પરસ્પર વિરોધી તત્ત્વો વડે શા માટે થયેલું છે ?

ઉત્તર : સરસ પુડિંગ બનાવવા માટે અનેક ઘટક દ્રવ્યોની જરૂર પડતી હોય છે.

પ્રશ્ન : ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ સરળ બનાવી શકાય જ નહિ એવું છે શું ? કારણ, એમ થાય તો બધા જ સામાન્ય જગતનો ત્યાગ કરી દે !

ઉત્તર : કદાચ, વિશ્વ સમગ્ર પરમાનંદમાં ધસી જાય અને એ રીતે વિશ્વનો એકાએક અંત ન આવી જાય એટલા માટે. (Sri Aurobindo's Humour, P. 19)

*

રડતું યંત્ર

પ્રશ્ન : આજે 'P' એમની આંખો બતાવવા આવ્યાં હતાં. એકાએક એમણે ડૂસકાં ભરી રડવાનું શરૂ કરી દીધું — ભગવાન જાણે કેમ !

ઉત્તર : ભગવાન જાણતા નથી : 'P' એક પ્રકારનું રડતું યંત્ર છે — એ યંત્રની કોઈ સ્પ્રિંગને તમે ઈરાદા વગર જ સ્પર્શ કરી દો અને યંત્ર ચાલુ થઈ જાય.

(Sri Aurobindo's Humour, P. 72)

*

પ્રશ્ન : 'P' ની ચીસોથી તમે આટલા ડરી કેમ જાવ છો ? યોગી લોકો તો નિશ્ચિતપણે થોડુંક દુઃખ તો સહન કરી જ શકે ! તમારે આ વાતને પ્રોત્સાહન આપવું જોઈએ, સાહેબ !

ઉત્તર : 'P' એ પ્રકારની યોગી નથી. એ ચીસો પાડતી રહેશે અને દુર્વાસા માફક ક્રોધ કરી દવાખાને જવાનું જ બંધ કરી દેશે — ખૂબ રડવું, અને એવું બીજું કંઈ કરવા ઉપરાંત.

(Corrospondence with Sri Aurobindo P. 456 : Nirodbaran)

*

શરદી અને માયાનો સાક્ષાત્કાર

પ્રશ્ન : મારી શરદીએ મને જલદીથી એ સાક્ષાત્કાર કરાવી દીધો કે આ જગતમાં સર્વ કંઈ, ઈશ્વર સુદ્ધાં — માયા જ છે. શંકરાચાર્ય અને બુદ્ધને જે સાક્ષાત્કાર સાધના કરવાથી થ યો તે મને માત્ર શરદી થવાથી જ થઈ આવ્યો.

ઉત્તર : જગતમાં સર્વ કંઈ માયા છે એવા સાક્ષાત્કાર માટે સાધના કરવી જરૂરી નથી. કોઈ પણ વ્યક્તિ, જેના ઉપર દુઃખ અને ગમગીનીના મૂર્છા લાવતા હુમલાઓ થતા રહેતા હોય તેને 'જગત માયા છે' એવો સાક્ષાત્કાર થઈ શકે છે. એ માયાના વહેમથી મુક્ત થવા માટે સાધના કરવી જરૂરી બની રહે છે.

(Corrospondence with Sri Aurobindo P. 273 : Nirodbaran)

*

ભાગ્યશાળી ગૂમડાની દુઃખસભર ગાથા

નીરોદબરન : ડાબા નસકોરામાં ભાગ્યશાળી ગૂમડું થઈ આવ્યું છે, દર્દ થાય છે અને સહેજ તાવ પણ છે. મહેરબાની કરીને 'દિવ્ય શક્તિ'નો એક ડોઝ આપો.

શ્રી અરવિન્દ : આધુનિકતમ કવિ કહે છે તે પ્રમાણે :

ભાગ્યશાળી ભલા ગૂમડા, નસકોરાના ભલા ગૂમડા,
કેવા નિર્મલ આનંદપૂર્વક તું તારા માલિકને ધ્રુજાવી રહ્યું છે !
ઓ ભલા ગૂમડા, ડૂસકાભર્યા તીણા અવાજે એ રટણ કરે તારું.
ભલા ગૂમડા, નસકોરાના ભાગ્યશાળી ભલા ગૂમડા.

હું આશા રાખું છું કે આ 'સ્તોત્ર' તમારા ગૂમડાને મટાડી દેશે, તે અદશ્ય થઈ જશે. તમને સંતોષ થયો ? (શ્રી અરવિન્દના સાન્નિધ્યમાં બાર વર્ષ : પૃ. ૨૬૬)

નીરોદબરન : ગુરુ મારું મસ્તક, મારું માસ્તક અને દુષ્ટ તાવ હું અધમુઓ થઈ ગયો છું.

શ્રી અરવિન્દ : ખુશ રહો ! વસ્તુઓ આટલી બધી ખરાબ હોઈ પણ શકે ! પણ એવું વિચારો કે તમે મેડ્રીડમાં સ્પેનના વતની તરીકે છો અથવા તો કેમ્પમાં જર્મન સામ્યવાદી તરીકે છો. એવી કલ્પના માત્રથી તમે ખુશમિજાજી બની રહેશો કે તમને તો માત્ર શરદી જ થઈ છે અને મસ્તકનો દુઃખાવો જ છે. તો શરદીને ફેંકી દો, તાવને ધિક્કારો. આનંદી બની રહો, હિંમતવાન બની રહો અને સદાને માટે જીવતા રહો !

*

નીરોદબરન : ગૂમડું બહુ દુઃખે છે, શું કરું ? સ્મિતસહ સહન કરું ?

શ્રી અરવિન્દ : થોડો સમય સ્મિત કરો.

(Corrospondence with Sri Aurobindo : PP. 553-54 : Nirodbaran)

*

નીરોદબરન : દર્દીને રડાવ્યા સિવાય હું તેની તપાસ કરી શકતો નથી, તેથી સ્ત્રીઓ એવું વિચારે છે કે 'આ ડૉક્ટર લોકો કેવા હૃદય વગરના નિષ્ઠુર અને જડ છે !'

શ્રી અરવિન્દ : એટલે જ તમે વધુ સલામત છો. જો તેઓ એમ વિચારે કે, 'આ ડૉક્ટર લોકો કેવા પ્રેમાળ અને દેવદૂત જેવા સ્નેહાળ હોય છે તો !....'

નીરોદબરન : હું નીરસતાના દરિયામાં ડૂબી ગયો છું. મને કોઈ વસ્તુની ખૂબ જ તરસ લાગી છે. સાથેસાથે જૂની (ભૂતકાળની) કામનાઓનાં મોજાં સતાવી રહ્યાં છે. આનો કોઈ હાથવગો ઇલાજ ?

શ્રી અરવિન્દ : ઊર્ધ્વલોકમાંથી પ્રભુકૃપાનું ઇંજેક્શન લો અને નિમ્ન સ્તરમાંથી પરિત્યાગનો જુલાબ. પ્રવાહી ખોરાક લો, ચૈત્ય ફળોનો રસ લો, આત્માનું દૂધ પીઓ. સારું થઈ જશે.

નીરોદબરન : ભૌતિક રૂપાંતરનું સ્વરૂપ કેવું હશે ? વ્યક્તિનો રંગ (વાનો) બદલાઈ જશે ? આર્ય અને ગ્રીક જાતિમાં મોંગેલિયન પ્રકારનાં લક્ષણોનો ઉદ્ભવ થશે ? ટાલવાળા માથા ઉપર ભરચક વાળ ઊગી આવશે ? વૃદ્ધ માણસો શાશ્વત યૌવન ધરાવતા દેવોમાં ફેરવાઈ જશે ?

શ્રી અરવિન્દ : તો પછી શા માટે માણસને સાત પૂંછડીઓ સાથે આઠમી પૂંછડી માથા ઉપર નહિ હોય ? દરેક જણનો રંગ (વાનો) જુદો — ભૂરો, લાલ, જાંબલી વગેરે ? માથા ઉપર વાળ ભરચક હશે, પણ હિંગળોકિયા રંગના અને સીધા આકાશ તરફ ઊડતા. અને એને અનુરૂપ અન્ય વિગતો પણ હશે. તથાસ્તુ ! હવે તમે ચોક્કસ એવું તો કહી શકો નહિ કે તમારા બધા જ મુદ્દાઓનો જવાબ આપવામાં આવ્યો નથી.

(શ્રી અરવિન્દના સાનિધ્યમાં બાર વર્ષ : નીરોદબરન પૃ. ૨૬૫-૬૬)

*

વિચિત્ર વ્યક્તિ

પ્રભુ, અફસોસ ! તમારું અતિમાનસ કેવી તો વિચિત્ર વસ્તુ હશે !

શ્રી અરવિન્દ : મનોમય માનવ કરતાં તો વધુ વિચિત્ર ન જ હોઈ શકે. પણ હું ધારું છું કે તે વિચિત્ર મનોમય માનવને એટલો જ વિચિત્ર લાગશે જેટલો વિચિત્ર મનોમય માનવ, વિચિત્ર પ્રાણમય વાંદરને વિચિત્ર લાગે છે. અને વિચિત્ર વાંદર જેલી દરિયાઈ માછલીને જેટલો વિચિત્ર લાગ્યો હતો. બધાં જ ભેગાં મળીને વિચિત્ર ! અને એકબીજા માટે વિચિત્ર.

(Sri Aurobindo's Humour, P. 93)

*

નીરોદબરન : ... મારી જવાબદારી બહુ મોટી છે. આવો મુશ્કેલ કેસ હાથ ઉપર લેવો એ મારું ખરાબ નસીબ જ કહેવાય... મારી પ્રતિષ્ઠા પણ દાવ ઉપર છે.

શ્રી અરવિન્દ : મને લાગે છે આ કેસ તમારી કસોટી છે. પણ પ્રતિષ્ઠા ઉપર આટલો બધો ભાર શા માટે મૂકો છો ? મેં એવું વિચાર્યું હોત કે દરેક વ્યક્તિ એ જાણે જ છે કે ડૉક્ટરોએ તો સર્વ સમય અટકળો જ કર્યા કરવાની હોય છે અને દર્દીનું સારા થવું એ તો નિશાન તાકવું કે ચૂકી જવું જેવી વસ્તુ હોય છે. તમે મોટે ભાગે નિશાન તાકો તો તમે હોશિયાર ડૉક્ટર, અથવા તો લોકોને તમે હોશિયારીપૂર્વક મારી નાખો તો પણ તમે હોશિયાર ડૉક્ટર જ ગણાઓ.

(Corrospondence with Sri Aurobindo : P. 119 : Nirodbaran)

*

નિર્દોષ જોખમકારક સ્મિત

સાધક : ક્ષ મને ક્યારેક સાંજના સમયે તેમણે તૈયાર કરેલી વાનગીનો સ્વાદ માણવા નિમંત્રે છે. હું હોસ્પિટલ જતી વખતે ૧૫થી ૨૦ મિનિટ એમની સાથે ગાળું છું. મને ક્ષનું સ્મિત પસંદ છે. એમનું સ્મિત નિર્દોષ છે, બાકળ જેવું – એમાં લટકા, કૃત્રિમતા કે મોહિત કરવાનો પ્રયત્ન કે એવું કશું જ હોતું નથી.

શ્રી અરવિન્દ : ખૂબ જ જોખમકારક ! ખાસ કરીને તમે ક્ષની સહજ સરળતાના ખ્યાલથી પૂરજોશમાં ખીલી ઊઠતા હો તો. સહજ કે કૃત્રિમ, એક વખત પ્રાણમય આસક્તિ થઈ જાય તો પછી ક્ષ પણ અન્ય સ્ત્રીઓ માફક તમને સજ્જડ રીતે પકડી રાખશે. અને એમાં દાવો કરવાની મહત્તમ આક્રમકતા હશે, અભિમાન (હણાયેલી લાગણીઓ) અને એવું બધું જ એમાં રહેવાનું. અને છેવટે જ્યારે સંબંધ તૂટી જશે ત્યારે તે જણાવશે અને વિચારશે કે એમાં બધો દોષ કે વાંક તમારો જ હતો અને એની મૂર્ખામી તથા નિર્દોષતાનો તમે લાભ ઉઠાવ્યો હતો. એ રીતે તમે ખૂબ જ દુષ્ટ વ્યક્તિ છો એવું તે વિચારશે. ઠીક, ઠીક, તમે સ્ત્રીઓ વિશે એટલું જ જાણો છો જેટલું ઘરમાં રહેતું બિલાડીનું બચ્ચું જંગલ વિશે જાણતું હોય છે, તથા જંગલી જાનવરો વિશે જાણતું હોય છે. અને આ ક્ષેત્રમાં તમે આશ્ચર્યકારક રીતે ભોળા છો.

(Sri Aurobindo's Humour, P. 332)

*

શક્તિને નીચે ઉતારી લાવવાની ત્રણ રીત

પ્રશ્ન : હું વધુને વધુ નિરાશ થતો જાઉં છું. અને યોગમાં તો હજુ વધારે નિરાશા સાંપડી રહી છે. મેં જ્યારથી એમ સાંભળ્યું છે કે અનુભૂતિને બદલે પ્રકૃતિના રૂપાંતર માટે તમે વધુ પ્રયત્નશીલ છો ત્યારથી મારી નિરાશાનો કોઈ પાર નથી.

ઉત્તર : પ્રકૃતિના રૂપાંતર વગર ધન્ય અનુભૂતિ, એ ડુક્કરના શિર પર સુવર્ણના મુગટ સમાન બની રહે – એ ચાલે જ નહિ.

પ્રશ્ન : શું થઈ શકે ? શક્તિને કઈ રીતે નીચે ઉતારી લાવવી ?

ઉત્તર : કેવી રીતે ? એવું કંઈ છે ખરું ?

તમે પુકાર કરો, તમે અભિમુખ બનો, એ આવે છે. (થોડા સમય પછી) અથવા, તમે પુકાર ન કરો, તમે ખુલ્લા રહો, એ આવે છે. અથવા, તમે પુકાર કરો, તમે ખુલ્લા ન રહો, એ નહિ આવે. આ ત્રણ શક્યતા છે. પરંતુ કેવી રીતે ?

(Sri Aurobindo's Humour, P. 333-40)

*

સચેતન બેવકૂફ

પ્રશ્ન : કાવ્યરચના તેમ જ વાચનમાં રસ ઘટી ગયો છે. હું હવે અવચેતન બેવકૂફ બનવા જઈ રહ્યો છું.

ઉત્તર : સચેતન બેવકૂફ શા માટે ન બનવું ? (Sri Aurobindo's Humour, P. 305)

*

ચીની સંત

સાધક : પોલ બ્રન્ટને તમારાં દર્શન કર્યાં ત્યારે તમારા વિશેની એમની છાપ તમે કોઈ ચીની સંત છો એ મુજબની હતી.

શ્રી અરવિન્દ : કોન્ફ્યુશિયસ? લાઓત્સે? મેન્શિયસ? હંગવાગ-પુ? છેલ્લું નામ ધરાવનાર મહાશય શું હતા તે હું જાણતો નથી. પરંતુ એમનું નામ સરસ છે !

(Sri Aurobindo's Humour, P. 356)

*

જૂના અને નવા નામોની કાપલીઓ

નીરોદબરન : અમારી તીખી ટીકાઓને મહેરબાની કરીને આપ ધ્યાન ઉપર લેશો નહિ. અમે આપને બંગાળી પિતા તરીકે જોતા નથી. અમે આપને અંગ્રેજ પિતા રૂપે જોઈએ છીએ – જે પિતા તેમ જ મિત્ર પણ હોય છે.

શ્રી અરવિન્દ : એ તમે કોણ છો ? અંગ્રેજ કે કોઈ પણ પિતાનો મારા પર અધ્યારોપ કરવામાં આવે છે એનો હું ઇનકાર કરું છું.

(Nirodbaran : Corrospondence with Sri Aurobindo : P. 227)

*

નીરોદબરન : પણ કયા સંબંધનો તમે ઇનકાર નહિ કરો ? આધ્યાત્મિક ઇતિહાસમાં સ્વીકૃત સંબંધો કરતાં એ કોઈ અલગ જ સંબંધ છે કે શું ?

શ્રી અરવિન્દ : મને ખબર નથી. હું હંમેશાં જૂનાને સ્થાને નવાં નામો જ પસંદ કરું છું. હું અતિમાનસ જોઈશ અને એમાંથી કદાચ કંઈ નવું શોધી કાઢીશ.

(Nirodbaran : Corrospondence with Sri Aurobindo : P. 126)

*

નીરોદબરન : મેં એવું સ્વપ્ન જોયું કે શ્રી માતાજી એક ખૂબ જ વિશાળ હોસ્પિટલ બંધાવી રહ્યાં છે અને એમાં મારે ડૉક્ટર તરીકે કાર્ય કરવાનું છે.... સુખસમૃદ્ધિના યુગનું સ્વપ્ન મને અગાઉથી જ જોવા મળ્યું ?

શ્રી અરવિન્દ : હોસ્પિટલોની બિલકુલ જરૂરિયાત જ ન રહે તો એ વધુ સુખસમૃદ્ધિનો યુગ ગણાય. અને ડૉક્ટરો પોતાના ઘોંચવાના ઓજાર (ઇંજેક્શન)ને કલમમાં ફેરવી દે એ જ ખરી સુખસમૃદ્ધિ. અલબત્ત, પછી એમણે કલમનો પણ દુરુપયોગ ન જ કરવો જોઈએ. (Sri Aurobindo's Humour, P. 358,361)

*

પરનિંદા કરવાનું સુખ

નીરોદબરન : હું ફરીથી લોકોની જીભનો શિકાર બન્યો છું. મને એ જાણવા મળ્યું છે કે કોઈ એક વ્યક્તિ મારાં અમુક કાર્યો પાછળ એકદમ અધમ કક્ષાનો હેતુ રહેલો છે એવું દોષારોપણ કરી રહી છે. એમનું મન દુભાય એવું કશું જ મેં કર્યું નથી છતાં એ વ્યક્તિ આમ દોષારોપણ કરી રહી છે.

શ્રી અરવિન્દ : અન્ય લોકોની નિંદા કરવા માટે લોકોને 'કારણ'ની જરૂર હોય છે એવું તમે માનો છો? નિંદા તો એટલા માટે કરવામાં આવતી હોય છે, જેથી એ ક્રિયા કરવામાં રહેલા સ્વર્ગીય આનંદનો અનુભવ કરી શકાય. પરનિંદા એ માનવની પ્રાણશક્તિ માટે સ્વર્ગનાં સર્વે ફળો કરતાં પણ વધુ મધુર હોય છે.

(Sri Aurobindo's Humour, P. 362,363)

*

તમારી આસપાસનું વાતાવરણ જે ઘડીએ ગંભીર બની જાય ત્યારે તમે કહી શકશો કે કંઈક બરાબર નથી, કોઈ ખરાબ હાનિકારક વસ્તુ હવામાં આવી છે, કોઈ જૂની ટેવ ફરી પાછી પોતાનો અડ્ડો જમાવવાનો પ્રયત્ન કરી રહી છે અને એને તમારે દાખલ થવા દેવાની નથી. આ બધી જે અફસોસની, પશ્ચાત્તાપની લાગણી થતી રહે છે, અપાત્રતાનો, ભૂલ કર્યાનો ભાવ અનુભવાતો રહે છે અને એમાં પછી એક ડગલું આગળ, અને તમને પાપની લાગણી થાય છે. ઓહ ! આ બધું મને લાગે છે કે એ બધું કોઈ બીજા જમાનાની વસ્તુ છે, અંધાર યુગની વસ્તુ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૦ વિચારરત્નો અને સૂત્રોનું વિવરણ-પૃ. ૧૭૯)

*

મારે માટે કહું તો મારે એ કબૂલ કરવું જ જોઈએ કે હું જ્યારે આનંદપૂર્ણ હોઉં છું અને રમત રમતી હોઉં છું ત્યારે હું એકદમ વધુ તાત્ત્વિક રીતે મારી જાતને અભિવ્યક્ત કરી શકું છું — હું જ્યારે ગંભીર અને વિચારશીલ હોઉં ત્યારે એમ કરી શકતી નથી. ગંભીર અને વિચારશીલ — એ હંમેશાં મારે માટે એવી છાપ ઊભી કરે છે કે આ સર્વ સૃષ્ટિનો ભાર લઈને હું ઘસડાતી ન હોઉં ! એટલું તો વજનદાર અને એટલું ધૂંધળું ! પરંતુ હું જ્યારે ખેલ ખેલતી હોઉં — ખેલ કરતી હોઉં, હું જ્યારે હાસ્ય કરું, મારી જાત સાથે મજા માણતી હોઉં ત્યારે મને એવી લાગણી થતી હોય છે કે આનંદનો સૂક્ષ્મ પાઉડર ઊર્ધ્વમાંથી વરસે છે અને તે આ સૃષ્ટિને, આ વિશ્વને એક ખૂબ જ વિશિષ્ટ રંગથી રંગી દે છે, તથા આ વિશ્વ તાત્ત્વિક રીતે જે હોવું જોઈએ તેવા એના સ્વરૂપ પરત્વે તે એને દોરી જાય છે.

(CWM 9 : 13) શ્રી માતાજી

Self

He said, "I am egoless, spiritual, free,"
Then swore because his dinner was not ready.
I asked him why. He said, "It is not me,
But the belly's hungry god who gets unsteady."

I asked him why. He said, "It is his play.
I am unmoved within, desireless, pure.
I care not what may happen day by day."
I questioned him, "Are you so very sure?"

He answered, "I can understand your doubt.
But to be free is all. It does not matter
How you may kick and howl and rage and shout,
Making a row about your daily platter.

"To be aware of self is liberty,
Self I have got and, having self, am free."

15-10-1939 CWSA 2 : 620

આત્મ

‘મને નહિ અહં, વદ્યો, ‘હું સુવિમુક્ત, આધ્યાત્મિક’
પછી ઉચરિયો જે ગાળ - હતું ખાણું તૈયાર ના.
પુછું હું ક્યમ આમ. એ વદત, ‘એ નથી હું લવ,
ભુખ્યો ઉદર-દેવ આમ બનતો રહે અસ્થિર.’

પુછું હું ક્યમ આમ. એ વદત, ‘એની લીલા જ એ.
હું ભીતર મહીં અકંપ, નહિ કામના, શુદ્ધ હું.
મને ન પરવા ભલે બનતું ચાહ્ય સો રોજ રહે.’
સવાલ કરું, ‘એટલી શું દઢ ખાતરી છે તને ?’

જવાબ ત્યહીં, ‘આપની સમજી પૂર્ણ શંકા શકું.
પરંતુ થવું મુક્ત એ જ બસ છે. ભલે ને તમે
કરો ધમપછાડ, ગાળ, ગભરાટ, બુમરાણ ને
ભલે તપી જવાય થાળી પર નિત્ય ખાવા તણી.

વિમુક્તિ બસ એ સભાન બનવું જ આત્મા વિષે,
મને મળી ગયો છ આત્મ, ગ્રહી આત્મ, હું મુક્ત છું.’

અનુ.સુન્દરમ્ (દક્ષિણા-૨ પૃ. ૩૯૫)

રમૂજી અને કટાક્ષપૂર્ણ વર્ણન

અનેક હેતુ સર કરતાં થાળી-વાટકો

અમને રહેવા માટે આવું સરસ ઠેકાણું મળી ગયું, છતાં આપણી માયાળુ સરકારે અમારી તે સિવાયની મહેમાનગીરી કરવામાં પણ કંઈ મણા રાખી નહિ. અમારી માલમિલકતમાં એક થાળી અને વાટકો હતાં, તે ચોકની શોભામાં અજબ વધારો કરી રહ્યાં હતાં. તે થાળી અને વાટકાને જ્યારે માંજવામાં આવતાં હતાં ત્યારે તેની ચોકખાઈ જોઈ દિલ ખુશ થતું હતું, અને તેના પવિત્ર ચળકાટને દૈવી બ્રિટિશ રાજ્યની ઉપમા આપી, હું રાજ્ય ભક્તિનો એક જાતનો નિર્મળ આનંદ અનુભવતો હતો. ફક્ત વાંધો એટલો જ હતો કે મારો આ આનંદ જોઈ થાળી પણ ખુશાલીમાં આવી જતી, અને તેને આંગળી અડકાવવા જતો ત્યાં તો અરબસ્તાનના ફકીરોની માફક ધૂમાધૂમ કરી નાંચવા માડતી. ત્યારે એક હાથે થાળી પકડવી, અને બીજે હાથે ખાવું, એ સિવાય છૂટકો ન થતો. નહિ તો થાળી કૂદાકૂદ કરી જેલના મુઠ્ઠીભર અમૂલ્ય અન્નને લઈ ભાગી જવાનું કરતી. થાળી કરતાં વાટકો વધારે વહાલો હતો ને ઉપયોગી પણ હતો. તે વાટકો જડ પદાર્થોમાં બ્રિટિશ સિવિલિયન જેવો હતો. કારણ કે દરેક સિવિલિયન જેમ સ્વાભાવિક રીતે જ દરેક કામમાં પારંગત અને દરેક કામને માટે લાયક હોય છે — ન્યાયાધીશ, કલેકટર, પોલીસ અમલદાર, મ્યુનિસિપાલિટીનો પ્રમુખ, શિક્ષક, ધર્મોપદેશક, ફાવે તે બનાવો, ફક્ત કહેવાની જ વાર છે; તે જ પ્રમાણે વળી આપણા સિવિલિયન સાહેબ એકી વારે તપાસ ચલાવનાર, કેસ માંડનાર, ન્યાય ચૂકવનાર, અને કોઈ કોઈ કેસોમાં તો વાદી તરફના સલાહકાર અને પ્રીતિભોજન આપનાર, સર્વ કાંઈ થઈ શકે છે, — તે જ પ્રમાણે મારો પ્રિય વાટકો પણ હતો. તે વાટકો ભેદભાવ રાખવામાં કંઈ સમજતો જ નહિ. જેલમાં આવતાં વાર જ તે વાટકા વતી મેં હાથપગ ધોયા. તેમાં પાણી લઈને મોં ધોયું અને નાહ્યો. થોડીક વાર પછી જમવા બેઠો. ત્યારે તે જ વાટકામાં મને શાક અથવા દાળ આપવામાં આવ્યાં. પછી તે જ વાટકામાં લઈ પાણી પીધું અને મોં પણ તેનાથી જ ધોયું. આવી જાતની અમૂલ્ય ચીજ જેનાથી સર્વ કામ સરી શકે, તે તો અંગ્રેજ સરકારની જેલમાંજ મળવી સંભવિત છે. આ વાટકો સાંસારિક બાબતોમાં ઉપયોગી થવા ઉપરાંત મારી યોગ-સાધનાનું પણ એક કારણરૂપ હતો. સૂગ છોડવા માટે આવો મદદગાર અથવા ઉપદેશક ક્યાં મળી શકે છે ? એકાંત કેદ પછી જ્યારે અમને બધાને એક સાથે રાખવામાં આવ્યા ત્યારે આપણા આ સિવિલિયન (વાટકો)ની પણ કેટલીક સત્તા ઓછી કરવામાં આવી. ત્યારે અમારે માટે શૌચ સારુ એક જુદા વાસણની ગોઠવણ કરવામાં આવી. એક માસ સુધી આ વાટકા મારફત મને ફરજિયાત રીતે સૂગ જીતવાનું શિખવવામાં આવ્યું. શૌચની બધી ગોઠવણ આ સૂગ જીતવા માટે જ કરવામાં આવી હતી, એમ કહી શકાય.

(શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ : પૃ. ૨૭૩-૭૪)

સૂવાના ઓરડામાં પાયખાનાની સગવડ : વિલાયતી સુધારો

હું ઉપર કહી ગયો છું કે એકાંત કેદમાં એક ખાસ શિક્ષા છે. તે શિક્ષાનો સિદ્ધાંત ખુલ્લું આકાશ અને માણસનો સહવાસ એ બે બાબતોથી અલગ કરવાનો છે. કોટડીની બહાર શૌચની ગોઠવણ કરવાથી કદાચ આ સિદ્ધાંતનો ભંગ થાય; તેથી કોટડીમાં જ ડામરથી રંગેલી બે ટોપલીઓ મૂકવામાં આવી હતી. સવાર સાંજ ભંગી આવી તે ટોપલીઓ સાફ કરી જતો અને માથાફોડ કરીએ તથા વારંવાર ટોક્યા કરીએ, તો બીજી વખતે આવીને પણ સાફ કરી જતો. પણ મુકરર કરેલા વખત સિવાય પાયખાને જવાથી પ્રાયશ્ચિત રૂપે કેટલાક કલાક દુર્ગંધ સહન કરવી પડતી. બીજી વાર એકાંત કેદ મળી ત્યારે આ બાબતમાં કંઈક સુધારો થયો હતો, પણ અંગ્રેજોની સુધારો કરવાની ઢબ જૂની વાતનો સિદ્ધાંત કાયમ રાખી ફક્ત કામ કરવાની રીતમાં જ થોડો એક ફેરફાર કરવો તેવી છે. એ વાત કહેવાની કંઈ જરૂર લાગતી નથી, કે એવી નાની કોટડીમાં શૌચની ગોઠવણ રાખવાથી કાયમને માટે સાધારણ અને જમવા વખતે તથા રાત્રે વધારે હેરાનગતિ ભોગવવી પડતી. હું જાણું છું કે સૂવાના ઓરડામાં પાયખાનાની ગોઠવણ હોવી એ વિલાયતી સુધારાનો એક ઉપયોગી ભાગ છે, પણ એક નાની કોટડીમાં સૂવું, ખાવું અને પાયખાને જવું, એ ત્રણે બાબતો સાથે રાખવી, એ તો હદપારનો સુધારો છે. ખરાબ ટેવો પડી ગયેલી હોવાથી આપણે હિન્દવાસીઓને માટે સુધારાના આ શિખરે પહોંચવું તે બહુ મુશ્કેલીની વાત છે. (શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ : પૃ. ૨૭૪)

***

લાપસીનાં ત્રણ સ્વરૂપો

બીજે દિવસે સવારે ચાર વાગ્યે જેલનો ઘંટ થયો. એ કેદીઓને જગાડવાનો પહેલો ઘંટ હતો. એ પછી કેટલીક મિનિટે બીજો ઘંટ વાગે છે એટલે કેદીઓ હારબંધ બહાર આવે છે. અને હાથ મોં ધોઈ લાપસી ખાઈ (ખાવાનું) કામ શરૂ કરે છે. ઘંટના અવાજમાં ઊંઘ આવી શકશે નહિ એમ ધારી હું પણ ઊઠી બેઠો થયો. પાંચ વાગ્યે જેલનો દરવાજો ઉઘાડવામાં આવે છે. હું પણ હાથ મોં ધોઈ કોટડીમાં આવી બેઠો. થોડી જ વારમાં લાપસી મારા બારણામાં આવીને હાજર થઈ પણ એ દિવસે મેં તે ખાધી નહિ. ફક્ત આંખોથી તેને જોઈ જ લીધી. કેટલાક દિવસો ગયા પછી એક વાર મેં આ દિવ્ય અન્નનો સ્વાદ અનુભવ્યો. જેલની ભાષામાં લાપસીનો અર્થ ઘી વિનાની રાબડી એવો થાય છે. તે કેદીઓનો સવારનો નાસ્તો છે. લાપસીનાં ત્રણ સ્વરૂપો અથવા અવસ્થાઓ છે. પહેલે દિવસે લાપસીનો પ્રાજ્ઞભાવ એટલે કોઈ પણ જાતના ભેળસેળ વિનાનો મૂળ પદાર્થ — શુદ્ધ શિવમૂર્તિ નજરે પડી. બીજે દિવસે લાપસી હિરણ્યગર્ભ દાળ સાથે રંધાઈ, પીળા રંગની અનેક ગુણવાળી ખીચડીના સ્વરૂપે પ્રકટ થઈ, પણ ત્રીજે દિવસે ધૂમાડાના રંગની લાપસીનું વિરાટ સ્વરૂપ, જેમાં ગોળ ભેળવવામાં આવ્યો

હતો, તે નજરે પડ્યું. તે લાપસી કાંઈક માણસને ખાવાલાયક હતી. પ્રાજ્ઞભાવ અને હિરણ્યગર્ભ સાધારણ માણસને માટે નથી એમ માની મેં ન ખાધી, પણ વિરાટના કોઈ કોઈ વાર એક બે કોળિયા પેટમાં નાંખતો અને બ્રિટિશ રાજ્યનું મોટું દિલ અને પશ્ચિમના સુધારાના વિશ્વપ્રેમનો ઊંચો આદર્શ જોઈ આનંદમાં મગ્ન થઈ જતો. ફક્ત લાપસી જ બંગાળી કેદીઓને પોષણ આપે એવો ખોરાક છે, બીજી બધી વસ્તુઓ તો તદ્દન સારહીન હોય છે. પણ લાપસીનો સ્વાદ એવી જાતનો હોય છે કે ફક્ત કકડીને ભૂખ લાગી હોય ત્યારે જ ખાઈ શકાય છે – અને તે પણ મનને મુસીબતે મારી મારીને. (શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ : પૃ. ૨૮૦)

શ્રી અરવિન્દ

***

ભગવાનની મરજી

ભગવાનની બીજી મરજી મને એકાંતવાસની ટેવ પડાવવાની હતી. જે માણસ યોગસાધના ઇચ્છે છે તેને એકાંતવાસ કે વસ્તીમાં વાસ બંને સરખાં લાગવાં જોઈએ, અને બન્યું પણ એવું જ કે મારી આ નબળાઈ થોડા જ દિવસોમાં ચાલી ગઈ. હવે મને એમ લાગે છે કે જો હું દશ વર્ષ એકલો રહું તો પણ મારું મન રજપણ ગભરાય નહિ. મંગળમૂર્તિ ઈશ્વર અમંગળમાંથી પણ મંગળ પેદા કરે છે. **ત્રીજી શિખામણ મને એ મળી કે માત્ર મારા જ પ્રયત્નથી યોગસાધના થાય નહિ. ઈશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા અને તેને ખોળે બધું ધરી દેવું, એ જ સિદ્ધિ મેળવવાનો ઉપાય છે. ભગવાન પોતે પ્રસન્ન થઈ જે બળ, સિદ્ધિ અથવા આનંદ આપે તેનો ઉપયોગ કરી, તેના જ કામમાં મંડ્યા રહેવું એ મારા જીવનનો હેતુ હોવો જોઈએ.** જ્યારથી અજ્ઞાનનું અંધારું ઘટવા માંડ્યું, ત્યારથી જ હું જગતની ઘટમાળ જોઈ, મંગળમય શ્રીહરિનું આશ્ચર્યમય, અનંત, મંગળ સ્વરૂપ સમજવા લાગ્યો. જગતનો કોઈ બનાવ એવો નથી — ચાહે તે નાનો હોય કે મોટો કે જેની મારફત કોઈ શુભ કાર્ય થતું ન હોય. ભગવાન હંમેશાં એક કામથી અનેક હેતુઓ સાધે છે. આપણને ઘણીવાર દુનિયામાં એક આંધળી શક્તિ દોડાદોડ કરી રહી લાગે છે, ત્યારે ભગવાનનો તેમાં સમાયેલો શુભ ઉદ્દેશ સ્વીકારવાને બદલે આપણે તેની બુદ્ધિનો દોષ કાઢીએ છીએ, અને કુદરતમાં શક્તિ નકામી વેડફાઈ જાય છે એમ કહીએ છીએ. આ માન્યતા ભૂલભરેલી છે. **ઈશ્વરીય શક્તિ કદી આંધળી રીતે કામ કરતી નથી. તેની શક્તિના એક છાંટાનો પણ નાશ થતો નથી. પણ તે સંયમપૂર્વક થોડી મહેનતે એવાં એવાં ફળ નિપજાવે છે, કે જે માણસની કલ્પનામાં પણ આવી શકે નહિ.**

(શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ : પૃ. ૨૮૯-૯૦)

શ્રી અરવિન્દ

***

માધુર્ય અને સ્મિત

હોજરીનાં દર્દોનો ઈલાજ

મને એક ડૉક્ટરનો પરિચય હતો જે પોતે આમ તો જ્ઞાનતંતુઓનાં દર્દોનો નિષ્ણાત હતો પણ હોજરીનાં દર્દોની પણ દવા કરતો હતો. એ એમ કહેતો હતો કે હોજરીનાં દર્દો થવાનું કારણ ઓછાવત્તા અંશે જ્ઞાનતંતુઓની રોગગ્રસ્ત અવસ્થા હોય છે. એ ડૉક્ટર પૈસાદાર દર્દીઓની દવા કરતો હતો. અને જેમને કોઈ જાતનું કામ કરવાનું હોતુ નહોતું તેઓ જ તેની પાસે દવા કરાવવા જતા. એટલે એ લોકો તેની પાસે જઈને કહેતા : 'મને હોજરીમાં દુઃખાવો થાય છે, મને ખાધું પચતું નથી,' અને આમ અને તેમ. એમને ત્રાસદાયક પીડા થતી, તેમનું માથું દુખતું, તેમનામાં રોગનાં બધાં લક્ષણો જણાતાં, એ ડૉકટર એ લોકોની વાતો ગંભીરપણે સાંભળતો. હું એક બાઈને ઓળખતી હતી તે એ ડૉક્ટર પાસે ગયેલી. અને એ ડૉક્ટરે તેને કહ્યું : 'અરે, તમારો કેસ તો અત્યંત ગંભીર પ્રકારનો છે. પણ તમે કયે માળે રહો છો ? ભોંયતળિયાના માળે ? બહુ સારું. તો તમે આમ કરો : રોજ તમારે એક ખૂબ પાકી દ્રાક્ષનું લૂમખું લેવું (તમારે સવારનો નાસ્તો ન લેવો, એ નાસ્તાથી તમારી હોજરી બગડે છે) એ દ્રાક્ષનું લૂમખું આ રીતે તમારા હાથમાં, બહુ કાળજીપૂર્વક પકડવું. પછી બહાર જવા માટે તૈયારી કરજો — બારણે થઈને બહાર ન નીકળશો, બારણે થઈને કદી પણ બહાર ન જશો ! તમારે બહાર જવું હોય ત્યારે બારીએથી જજો, એક સ્ટૂલ લેજો અને પછી તમે બારીએ થઈને બહાર જજો. તમે બહાર રસ્તા ઉપર જજો. ત્યાં તમે દરેક બબ્બે પગલે એક-એક દ્રાક્ષ ખાતાં જજો, વધારે નહિ ! હા, જરાય વધારે નહિ ! નહિ તો પછી તમને જઠરમાં પીડા ઉપડશે ! દરેક બે પગલે એક જ દ્રાક્ષ લેવાની. તમારે બે ડગલાં ભરવાં, એક જ દ્રાક્ષ ખાવી અને દ્રાક્ષ ખલાસ થઈ જાય ત્યાં સુધી એમ જ કર્યે જવું, પાછા વળવું નહિ. જ્યાં સુધી દ્રાક્ષ હોય ત્યાં સુધી આગળ વધ્યે જવું. તમારે દ્રાક્ષનું લૂમખું ખાસ્સું મોટું લેવું. અને જ્યારે તમે એને પૂરું કરો ત્યારે હળવે રહીને પાછા વળજો. કોઈ વાહનનો ઉપયોગ ન કરશો. પગે ચાલીને પાછાં આવજો, નહિ તો પછી તમારી પીડા ફરી ઊપડશે. તમે શાંતિથી પાછા ફરજો અને હું તમને ખાતરી આપું છું કે જો તમે દરરોજ આ પ્રમાણે કરશો તો ત્રણ દિવસને અંતે તમે સાજાં થઈ જશો.' અને ખરેખર એ બાઈ સાજી થઈ ગયેલી. (શ્રી માતૃવાણી ગ્રંથ - ૫ : પૃ. ૨૨૨)

*

પત્ની અને માનીતી મૉડેલ

રોડિને કહેલી એક રસિક વાત મને યાદ આવે છે. તમે રોડિનને જાણો છો ? માણસ તરીકે નહીં, પણ તેણે શું શું કર્યું તે વિશે. રોડિને મને એક દિવસ પ્રશ્ન પૂછયો, ''કઈ રીતે કોઈ વ્યક્તિ

બે સ્ત્રીઓને એકબીજાની ઈર્ષ્યા કરતી અટકાવી શકે?'' (હાસ્ય) મેં તેને કહ્યું, ''આહ, અહીં એક પ્રશ્ન ખરો ! તું મને નહીં કહે કે કેમ ?'' પછી તેણે મને કહ્યું, ''આ પ્રમાણે વાત છે, મારું ઘણુંખરું કામ હું માટીમાં બનાવું છું. કોઈ પણ પથ્થરના કે કાંસાના શિલ્પ બનાવતાં પહેલાં હું ઘણું ખરું કામ માટીમાં બનાવું છું. અને તેથી આ પ્રમાણે બને છે : હું મારા કામ અંગે એકાદ કે બે કે વધારે દિવસો બહારગામ જાઉં છું. માટી-માટીના નમૂનાઓને હું ભીનાં કપડાંથી વીંટાળીને જાઉં છું, કારણ કે જો તેઓ સુકાઈ જાય તો તેમાં તિરાડો પડે અને મારું બધું કામ નષ્ટ પામે અને મારે તે કામ ફરીથી કરવું પડે.'' બધા જ શિલ્પીઓ આ વસ્તુ જાણે છે. અને તે બિચારા પર આ પ્રમાણે બન્યુંઃ તેને એક પત્ની હતી, અને તેને એક 'મોડેલ' પણ હતી... તે ઘરમાં ઘણી નજીકની હતી. અને તેની ઇચ્છા થાય ત્યારે તે અંદર આવી શકતી – અને તેને રોડિન પોતાના શિલ્પના મોડેલ તૈયાર કરવાના ઉપયોગમાં લેતો. હવે પત્નીને તો પત્નીપણું જોઈતું હતું. અને જ્યારે મોડેલ ગેરહાજર હોય ત્યારે તે વહેલી સવારે આવીને સ્ટુડિયોમાં બધાં કપડાં પર પાણી છાંટતી – બધાં મસ્તકો, શરીરો અથવા નમૂનાઓ ઉપર. તે બધાં ભીનાં કપડાંથી ઢંકાયેલાં હતાં. જેમ છોડવાઓ ઉપર આપણે પાણી છાંટીએ છીએ તે પ્રમાણે. એટલે તે આવતી અને પાણીનો છંટકાવ કરતી. અને પછી થોડા સમય પછી, બે ત્રણ કલાકે 'મોડેલ' આવતી, જેની પાસે સ્ટુડિયોની ચાવી રહેતી. તે સ્ટુડિયો ખોલીને પાણીનો છંટકાવ કરતી. તે બરાબર જોતી કે આ બધું પાણીથી છંટાયેલું છે. પરંતુ તેને પોતાના શિલ્પીના નમૂનાઓની સંભાળ લેવાનો હક હતો – અને તેથી તે પાણી છાંટતી. રોડિને મને કહ્યું, ''આથી એનું પરિણામ એવું આવતું કે જ્યારે હું મુસાફરીમાંથી પાછો ફરું ત્યારે મારું બધું જ શિલ્પ વહેતું હોય અને મેં જે કાંઈ કરેલું હોય તે ત્યાં ન હોય !''

તે વૃદ્ધ માણસ હતો, તે સમયે વૃદ્ધ થયેલો. તે ઘણો ઉમદા હતો. તેને હરણનું માથું (faun) હતું. ગ્રીક હરણનાં જેવું. તે ટૂંકો, જાડા વાળવાળો અને સુગઠિત હતો; તેની આંખો વેધક હતી. તે અદ્‌ભુત કટાક્ષ કરી શકતો અને થોડો.... તે આ વાત પર ખૂબ હસ્યો, પણ તેનું શિલ્પ અકબંધ રહ્યું હોત તો તેને વધારે પસંદ પડત !

અને તમારો પ્રત્યુત્તર શો હતો ? (હાસ્ય)

મને અત્યારે યાદ નથી. (હાસ્ય) કદાચ મેં હાસ્યઠઠ્ઠાથી જવાબ આપ્યો હતો. નહીં, મને એક વસ્તુ યાદ છે. મેં તેને પૂછ્યું, ''પણ તું કહેતો કેમ નથી : આ એક (પત્ની કે મોડેલ) પાણીનો છંટકાવ કરશે ?'' તેણે તેના માથા પરના આછાને ખેંચ્યા અને કહ્યું, ''પણ આ તો ખંજરનું યુદ્ધ ખેલાય.'' (હાસ્ય) (શ્રી માતૃવાણી ગ્રંથ - ૬ : પૃ. ૭૨-૭૩)

*

તમારી કામનાને આરોગો

એક દિવસ અમુક વાનગીઓ આરોગવાની પ્રબળ ઇચ્છા મારામાં જાગ્રત થઈ હતી અને

હું એનો પ્રતિકાર કરી શકતી ન હતી. મન કોઈને કોઈ બહાનું શોધવામાં મશગૂલ હતું. છેવટે મેં શ્રી માતાજીને લખ્યું : ''મા, આજે મારામાં એકદમ ખાઉધરાવૃત્તિ જાગ્રત થઈ છે. મને જે વાનગીઓ આરોગવાની ઇચ્છા થઈ છે તે તમને જણાવું ? ઇંડાં, લાંબી પૂછડીવાળા પ્રાણીનું માંસ અને તેલમાં રાખેલી અમુક વિશિષ્ટ પ્રકારની માછલી. કાં તમે મારી આ ઇચ્છાથી મને મુક્ત કરી દો અથવા તમારા રક્ષણ સહિત આ બધી વાનગીઓ આરોગવાની મને પરવાનગી આપો.'' બીજે દિવસે મારા પ્રશ્નનો જવાબ શ્રી અરવિન્દે આપ્યો હતો : 'બેશક, ના. તમે તમારી કામનાને આરોગી શકો છો — તમને માત્ર આ જ પ્રકારની માછલી કે માંસ આરોગવાની પરવાનગી આપી શકાય એમ છે. આ છે અવચેતનમાંથી ઉપર ઊઠતા જૂના સંસ્કારો. આ બધી વસ્તુઓ (કામનાઓ)ને કદાપિ તૃપ્ત કરી શકાય નહિ. એ કામનાઓ ઉપર ઊઠતી હોય છે, રદ થવા માટે જ.' હાસ્યસભર ઠેકડી કરતો જવાબ શ્રી અરવિન્દે આપ્યો હતો. પરંતુ વિચિત્ર વાત તો એ છે કે મેં જેવો શ્રી માને પત્ર મોકલ્યો કે તુર્ત જ પેલી ઇચ્છા, વાનગીઓ આરોગવાની ઇચ્છા મરી પરવારી હતી. અને હું અમિશ્રિત સુખ અને સંતોષની લાગણીથી સભર ભરાઈ ગઈ હતી. કામનાથી ઉપર ઊઠવામાં જે સુખ રહેલું છે તેનો અનુભવ મને સૌ પ્રથમ તે દિવસે થયો હતો. (Sahana Devi : Forty Years ago, P.123)

*

એટલી ગંભીર વૃત્તિવાળા કે એમના મસ્તક પર નૃત્ય કરી શકાય નહિ

અહીં હું શ્રી અરવિન્દની બે વિનોદવૃત્તિસભર ટીપ્પણોનો ઉલ્લેખ કર્યા વગર રહી શકતી નથી. જ્યારે સૌ પ્રથમ વખત શ્રી માતાજીને નૃત્ય દર્શાવવાનો વિચાર રજૂ થયો હતો ત્યારે અમે શ્રી માતાજીને નૃત્યનો અભ્યાસ કરવા માટે એક ખાસ ઓરડાની ફાળવણી કરવા માટે જણાવ્યું હતું. પરંતુ એ ઓરડાની નીચેના ભાગની ઓરડીમાં એક સાધક તે સમયે રહેતા હતા. અમારી વિનંતીના પ્રત્યુત્તર રૂપે શ્રી અરવિન્દે લખી જણાવ્યું હતું : 'He is too serious to be danced over'. 'તેઓ એટલા બધા ગંભીર વૃત્તિ વાળા છે કે તમે એમના મસ્તક પર નૃત્ય કરી શકો નહિ.' પછી થોડા સમય બાદ 'Radha dance' માટે અમે અભ્યાસ કયાં કરીએ એમ અમે પૂછયું હતું ત્યારે શ્રી અરવિન્દે પેલો ઓરડો જ સૂચવ્યો હતો. ખૂબ વિસ્મય પામી જઈ મે એમને પેલા સાધક વિશે લખી જણાવ્યું હતું : 'તમે તો જણાવ્યું હતું કે એ સાધક એટલા તો ગંભીર વૃત્તિ વાળા છે કે એમના મસ્તક ઉપર નૃત્ય કરી શકાય નહિ.' શ્રી અરવિન્દે તુર્ત પ્રત્યુત્તર આપતાં લખી જણાવ્યું હતું : 'તે પહેલાં તેઓની અતિ ગંભીર વૃત્તિ જતી રહેશે.'

(Sahana Devi : Forty Years Since : 162)

*

સમજદાર યોગી અને મૂર્ખ ગધેડો

ગુરુ, એક સમયે એક મૂર્ખ ગધેડો હતો જે એક સમજદાર યોગીની પડોશમાં રહેતો

હતો. એક દિવસ નજીકની નદીના કિનારાઓ તોડીને પૂરનાં પાણી એકાએક આસપાસના સમગ્ર વિસ્તારમાં ફરી વળ્યાં. સમજદાર યોગી પોતે જે ટેકરી પરની ગુફામાં રાતદિવસ ધ્યાન કરવા જતા હતા તે ટેકરી ઉપર સલામત સ્થળે દોડીને પહોંચી ગયા. પરંતુ પેલો ગધેડો — મૂર્ખ હોવાથી, એ ધ્યાન કરતો ન હતો એની વાત જવા દઈએ — પૂરનાં પાણીમાં તણાઈ રહ્યો હતો. 'અફસોસ !' ગધેડો ભૂંકી ઊઠ્યો. 'વિશ્વ આખું ડૂબી રહ્યું છે.' ટેકરીના ઉચ્ચ ભાગેથી પેલા યોગી એને ઠપકો આપતી તિરસ્કારયુક્ત ભાષામાં બરાડી ઊઠ્યા : 'ગધેડો ના બન'. 'તું એકલો ડૂબી રહ્યો છું, — આ વિશાળ વિશ્વ નહિ.' ગધેડાએ દલીલ કરી 'પરંતુ સાહેબ મારા' 'હું જાતે જ ડૂબી જઉં તો મને ખાતરી કઈ રીતે થઈ શકે કે વિશ્વ બચી જશે ?' અને યોગી મૂગા થઈ ગયા તથા વિચાર કરવા લાગ્યા કે બેમાંથી ગહનતર સમજ કઈ હતી ? — માનવીય કે ગધેડાની ! અને હું પણ એ વિશે જાતે પણ વિચાર કરતો થઈ ગયો છું. ગુરુ, હવે હું આપને અરજ કરું છું કે આપ તટસ્થ ચુકાદો આપો. મને એ જણાવો કે કોની સ્થિતિ વધુ દયનીય છે : યોગીની કે ગધેડાની ? અને સાથે સાથે મને એ પણ જણાવજો કે મારા મનની કમાન છટકી તો નથી ને, કારણ કે મને મૂર્ખ ગધેડાની દલીલ પેલા યોગીની દલીલ જેટલી જ તર્કયુક્ત લાગી છે !

શ્રી અરવિન્દ : તમારા ડાહ્યા — ડોઢ ડાહ્યા નહિ — ગધેડાએ જે પ્રશ્ન રજૂ કર્યો છે તેનો જવાબ બે લીટીમાં આપી શકાય એમ નથી. આજે સોમવાર છે અને રવિવારે જબરદસ્તીથી જે સંયમ કેળવવો પડે છે એનો બદલો લોકો સોમવારે વાળી લે છે એટલે તમારા પ્રશ્નનો જવાબ આપવાનું હું આવતીકાલ ઉપર મુલતવી રાખું છું. તેમ છતાં ખૂબ બદનામ એવા ગધેડાના બચાવમાં હું એટલું જણાવવા માગું છું કે એ ખૂબ જ ચતુર અને વ્યવહારુ પ્રાણી છે. અને મૂર્ખામીનો જે દુષ્ટ આરોપ એના પર મૂકવામાં આવે છે તે માનવીય મૂર્ખતાની ચરમ સીમા જ દર્શાવે છે. ખરેખર તો ગધેડો જે વર્તન કરે છે તેનું પ્રથમ કારણ તો એ છે કે ગધેડામાં વિનોદવૃત્તિ રહેલી છે અને ગધેડાને બે પગા પ્રાણીને અતાર્કિક ચાળા કરાવવા છંછેડવામાં મઝા આવે છે. બીજું ગધેડાને એમ લાગે છે કે માણસ એની પાસે જે અપેક્ષા રાખે છે એ એકદમ હાસ્યાસ્પદ અને ત્રાસદાયક ઉપદ્રવ છે. અને એવા ઉપદ્રવની અપેક્ષા માનવે કોઈ પણ સ્વાભિમાની ગધેડા પાસેથી રાખવી જોઈએ નહિ. અને હા, ગધેડો તત્ત્વચિંતક છે. એ જ્યારે ભૂંકે છે તે સામાન્યતઃ જગત પરત્વેના પરમ અનાદરની ભાવના સહિત તથા ખાસ કરીને માનવની કમઅક્કલ પરત્વેની ભાવના પ્રકટ કરવા એમ કરે છે. મને શંકા નથી કે ગધેડાની ભાષામાં માણસનું એટલું જ મહત્ત્વ છે, જેટલું ગધેડાને આપણી ભાષામાં આપવામાં આવે છે. આ ગહન અને મૌલિક વિચારણા એ તો માત્ર તમને એ ઇશારો કરવા પૂરતી જ રજૂ કરી છે કે સમજદાર માનવ અને સમજદાર ગધેડા વચ્ચે સમતુલા જાળવવાનો તમારો વિચાર એ એટલું તો ભયજનક લક્ષણ નથી જ.

(Letters to Dilip : pp. 28-29)

વૃત્ત વિશેષ

નવું પ્રકાશન

સાવિત્રીશબ્દામૃત-૭ : સાવિત્રી મહાકાવ્યના પર્વ ૭ - યોગનું પર્વ - ના સર્ગ, ૪, ૫, ૬ને ૭નું *શ્રી શ્રદ્ધાવાને* કરેલું પ્રકાશપૂર્ણ ભાષ્ય. ભાવાનુવાદ : *કિરીટ ઠક્કર* : પ્રકાશક : *યોગયુક્તા પ્રકાશન*, ઈ-૧૦૨, ચંદ્રનગર કૉલોની, સુવર્ણ લક્ષ્મી એપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯. ફોન : ૨૫૧૦૦૩૮ (૦૨૬૫) મો. ૯૪૨૭૫૪૦૧૯૫ E-mail : kirityukta@yahoo.co.in. પૃષ્ઠ સંખ્યા : ૪૨૯+૧૨=૪૪૧. મૂલ્ય રૂા. ૧૬૦/-. સારા મેપલીથો કાગળ ઉપર ઉત્કૃષ્ટ છાપકામ. મુખપૃષ્ઠ : આશ્રમ કળાકાર શ્રી પ્રીતી ઘોષે સાવિત્રી મહાકાવ્યની પંક્તિઓને — સાવિત્રી અને એના ચૈત્યપુરુષનું એકબીજામાં ભળી જવું — દર્શાવતું શ્રેષ્ઠ ચિત્ર ચાર રંગોમાં છાપવામાં આવ્યું છે. સુઘડ બાંધણી સહિત પુસ્તકનું કલેવર સુંદર તૈયાર થયું છે. શ્રી શ્રદ્ધાવાન તેમ જ અન્ય અભ્યાસુઓએ સાવિત્રી મહાકાવ્યના આ પર્વ ૭ — યોગનું પર્વ — વિશે જણાવ્યું છે તે મુજબ સાવિત્રીના, એટલે કે શ્રી અરવિંદના પૂર્ણયોગનું શ્રેષ્ઠ વર્ણન આ પર્વમાં થયેલું જોવા મળે છે. સાવિત્રીશબ્દામૃતશ્રેણીનાં પુસ્તકો ૬ અને ૭માં આ યોગના પર્વના સાતે સાત સર્ગોનું શબ્દેશબ્દનું વિવરણ સમાવી લેવામાં આવ્યું છે. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો. શ્રી અરવિન્દ સોસાયટીનાં કેન્દ્રોને પુસ્તકની ખરીદી ઉપર યોગ્ય વળતર આપવામાં આવશે.

*

મા પુસ્તક અંગે વિવરણ : સંકલન : શ્રી જ્યોતિબહેન થાનકી. પ્રકાશક : શ્રી અરવિન્દ રાવલ, શ્રી અરવિન્દ સ્ટડી સેન્ટર, ૩૦૯ ઉમેદનગર, ભુજ - કચ્છ ૩૭૦ ૦૦૧. ફોન : ૯૪૨૮૨૯૩૬૯૪. ૧/૩૨ ક્રાઉન સાઈઝ, પૃષ્ઠ સંખ્યા : ૪૦ રંગબેરંગી મુખપૃષ્ઠના ચારેય પાન ઉપર છબીઓ છાપેલી છે. સુંદર સંકલન.

*

શ્રી અરવિન્દ સાધના શિબિર નૈનીતાલ : શ્રી ભારતસિંહ ઝાલાએ મે-૧૭માં નૈનીતાલમાં ત્રણ શિબિરો કરી હતી. તેમાં કુલ ૧૩૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ વર્ષની ચોથી સળંગ સાધના શિબિર ૨૨મી તા. ૯-૧૦-૧૭થી ૧૫-૧૦-૧૭ સુધી નૈનિતાલમાં રાખવામાં આવી છે. રહેવા-જમવાના ખર્ચ પેટે ૭૦૦૦/- રૂા. આપવાના થશે. ટીકિટ ભાડું અલગ. સંપર્ક :- શ્રી ભારતસિંહ ઝાલા, શ્રી અરવિન્દ કેન્દ્ર, બોટાદ. મો. ૯૪૨૬૬૯૫૧૯૮.

*

પોરબંદર, શ્રી અરવિન્દ કેન્દ્રમાં યોજાયેલી મહિલા શિબિરનો અહેવાલ : પોરબંદરના શ્રી અરવિન્દ કેન્દ્રમાં મહિલાઓ માટે ચાર દિવસીય શિબિરનું આયોજન ૨૨-૨૩-૨૪-

૨૫મી મેના થયું. તેમાં ફેબ્રીક પેઈંટીંગ, યોગાસનોનો અભ્યાસ, અંગ્રેજી શબ્દભંડોળનો વિકાસ, પ્રાર્થના, ૐકાર, ધ્યાન જેવી બાબતોમાં પ્રશિક્ષણ આપવામાં આવ્યું. કોલેજની વિદ્યાર્થીનીઓ તથા ગૃહિણીઓએ પણ હોંશભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો. કાર્યક્રમના આયોજન તથા સંચાલનમાં કેન્દ્રના ડૉ. સુલભા દેવપુરકર, શ્રીમતી છાયાબેન પારેખ, શ્રીમતી ગીતાબેન બાપોદરા તથા કુ. પૂનીબેને વિવિધ વિષયોમાં માર્ગદર્શન આપી બહેનોની સર્જનાત્મક શક્તિઓને ઉજાગર કરી હતી. પૂર્ણાહૂતિમાં શિબિરાર્થીઓને 'અમને શ્રી અરવિન્દની વાત કહો' એ પુસ્તકની એક-એક નકલ તથા અગરબત્તીનું પેકેટ ભેટ આપવામાં આવ્યાં. બહેનોએ શિબિર અંગે સુંદર પ્રતિભાવો રજૂ કર્યા હતા.

*

અમરનાથ શિક્ષણ સંસ્થાન-મથુરા શિક્ષક-પ્રશિક્ષણ શિબિર : શ્રી અરવિન્દ સોસાયટી હિન્દી ક્ષેત્રિય સમિતિ તથા અમરનાથ શિક્ષણ સંસ્થાન મથુરાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦ તથા ૨૧મી મે ૨૦૧૭ના રોજ દ્વિદિવસીય શિક્ષક પ્રશિક્ષણનું ''શ્રીમા ઔર શ્રીઅરવિન્દ કે આલોકમેં શિક્ષા દર્શન'' વિષય પર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિષય નિષ્ણાત તરીકે સુશ્રી જ્યોતિબહેન થાનકીએ શ્રી મા ઔર શ્રી અરવિન્દકે પરિપ્રેક્ષ્યમેં શિક્ષાકા સચ્ચા સ્વરૂપ, શારીરિક શિક્ષા, પ્રાણ કી શિક્ષા, મન કી શિક્ષા, ચૈતસિક ઔર આધ્યાત્મિક શિક્ષા તથા શિક્ષામેં પાઠ્યસહભાગી ક્રિયાઓંકા મહત્ત્વ'-વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. સુશ્રી જીજ્ઞાબહેન દવેએ 'પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન' દ્વારા પ્રવચનોના મહત્ત્વના મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી અરવિન્દ સોસાયટીના હિનદી ઝોનમાં આવેલાં રાજ્યોમાંથી પસંદગી પામેલા શિક્ષકોએ સમગ્ર હિનદી ઝોનમાં યોજાયેલી આ પ્રથમ શૈક્ષણિક શિબિરમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિબિર દરમ્યાન પ્રશ્નોતરીના કાર્યક્રમો પણ ઘણા જ રસપ્રદ રહ્યા હતા. આ શિબિરમાં પતિયાલાની શ્રી અરવિન્દ સોસાયટીના અધ્યક્ષ શ્રી પવનજી તથા ઉત્તરપ્રદેશ વિભાગના ઉપાધ્યક્ષ શ્રી અનિલભાઈ બાજપેયીએ પણ શિબિરાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

આ શિબિરમાં અમરનાથ શિક્ષણ સંસ્થાન મથુરા તરફથી સુશ્રી જ્યોતિબહેન થાનકીને 'શિક્ષા રત્ન એવોર્ડ' આપીને સન્માનિત કરવામાં આવ્યા હતાં. સહુ શિબિરાર્થિઓને પ્રમાણપત્ર તથા એક સુંદર પુસ્તક 'વિદ્યાર્થીઓસે' ભેટ આપવામાં આવ્યા હતાં. સહુ શિબિરાર્થિઓએ આવી શિબિર વર્ષમાં બે વાર યોજાવી જોઈએ એવી માંગણી કરી હતી.

*

સાભાર સ્વીકાર : હદમાં અનહદ : ચંદ્રકાન્ત શેઠ : પ્રકાશક : આર.આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. 'દ્વારકેશ' રૉયલ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ ફોન : (૦૭૯) ૨૫૫૦૬૫૭૩ લેખકના આ સોળમા કાવ્યસંગ્રહમાં મુખ્યત્વે ગીતોનો સમાવેશ કરવામાં આવેલો છે. કુલ ૭૬ કાવ્યોમાં ચાર માતૃવંદનાનાં સુંદર કાવ્યો પણ છે. ૧/૮ ડેમી સાઈઝ, પૃષ્ઠ સંખ્યા : ૧૨૦ સારા કાગળ ઉપર સુંદર છાપકામ. રંગબેરંગી મુખપૃષ્ઠ. મૂલ્ય : રૂા. ૧૧૫/-.

પણ આ બધી જે વસ્તુઓ ટકી રહી છે, વળગી રહેવાનો, કાયમ રહેવાનો પ્રયત્ન કરી રહી છે અને જીવનને આમ બે ભાગમાં આ જે કાપી નાખવામાં આવે છે, આ તો નાનું અને આ તો મોટું, આ તો પવિત્ર અને આ તો અપવિત્ર ! બાપ રે ! અને આ પોતે આધ્યાત્મિક જીવન ગાળે છે એવો દાવો કરતા લોકો કહે છે, 'અરે આમ કેમ ! આટલી બધી નાની, કશા પણ મહત્ત્વ વિનાની વસ્તુઓને તમે આધ્યાત્મિક અનુભૂતિનો વિષય તે કેવી રીતે બનાવી શકો !' અને છતાં એ જ વસ્તુમાંથી તમને જે આધ્યાત્મિક અનુભવ થાય છે તે વધુને વધુ સઘન અને વાસ્તવિક બનતો રહે છે, તદ્દન સ્થૂલની રીતે પણ. જગતમાં અમુક વસ્તુઓમાં પ્રભુ છે અને અમુકમાં પ્રભુ નથી એવું કાંઈ જ નથી. પ્રભુ તો હંમેશાં બધે છે જ. પ્રભુ કોઈ પણ વસ્તુને ગંભીરપણે લેતા નથી, એ તો દરેક વસ્તુમાંથી વિનોદ માણે છે, એ તો તમારી સાથે રમે છે, તમને જો રમતાં આવડતું હોય તો. પણ તમને રમતાં આવડતું નથી. લોકોને રમતાં આવડતું નથી. પણ પ્રભુને તો કેટલું બધું રમતાં આવડે છે ! એ કેવી સરસ રીતે રમે છે ! એ તો દરેક ચીજ સાથે, નાનામાં નાની ચીજ સાથે રમે છે ! તમારે તમારા ટેબલ પર વસ્તુઓ મૂકવાની છે ને ? તો એમાં તમારે ખૂબ વિચાર કરવો જોઈએ અને પછી ગોઠવવું જોઈએ એમ ના માનશો, ના, એ તો તમે રમત રમવાના છો એમ તમારે ગણી લેવું જોઈએ ! આ એક અહીં મૂકો અને એમ કર્યે જાઓ અને વળી બીજી રીતે ગોઠવવાનું.... .... કેવી સરસ રમત અને કેટલી બધી મઝાની.

તો આ વાત હવે આપણને સમજાઈ ગઈ છે, એટલે પ્રભુ સાથે કેવી રીતે હસવું એ જાણવાનો આપણે પ્રયત્ન કરીશું.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : પૃ. ૧૭૯-૮૦)

(વર્ષ ૦૩ : અંક ૭)
RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017
વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ – છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.